<table>
<tr><td>રજુ તારીખ</td><td colspan="3">૦૬/૧૨/૨૦૧૮</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૦૬/૧૨/૨૦૧૮</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૩/૦૮/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૭</td><td>૦૭</td><td>૦૯</td></tr>
</table>

**પારડીના મહે. અધિક જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી.**

ક્રિમીનલ કેસ નં.૨૨૮૦/૨૦૧૮

આંક–

<u>**ફરિયાદી**</u> :– શ્રી સરકાર

<u>**વિરુધ્ધ**</u>

<u>**આરોપી**</u> : – (૧) મોહમદ અલ્તાફ ઉર્ફે મોઈન અબ્દુલ મજીદ મુલ્લા,
ઉ.વ.૨૮, મુળ રહે. સગરામપુરા, મોમનાવાડ, ખ્વાજાની દાનાની મસ્જીદ પાસે, સુરત શહેર હાલ રહે. સગરામપુરા, નવી હોલી મસ્જીદની સામે,મહમદી એપાર્ટમેન્ટ, બીજો માળ સુરત શહેર

(૨) તાહેર હુશેન ઉર્ફે અસ્ફાક અબ્દુલ રજાક શેખ,
ઉ.વ.૩૦, રહે. સગરામપુરા, નવી હોલી મસ્જીદની સામે, વોર્ડ નં.૨, ઘર નં.૧૮૨૮, સુરત

(૩) રાજેશભાઈ ઉર્ફે સુરેશભાઈ મદનલાલ રાવત
ઉ.વ.૩૯, રહે. ૩૩૦૨, તીસરીગલી ગૌહરબાગ બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારી

**[આંક–૧ તળે સદર આરોપી નં.૩ ની વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]**

| | |
|---|---|
| **ગુનો** | **ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ ઈ,૮૧, ૯૮,૯૯ મુજબનો..** |

| | |
|---|---|
| ફરિયાદ પક્ષે | વિ.એ.પી.પી.શ્રી કે.આર.ત્રિવેદી |
| આરોપી પક્ષે | વિ. વ. શ્રી એસ.એમ.શેખ... |
| સમક્ષ | શ્રી પી.એ.શર્મા , મહે.શ્રી અધિક જ્યુ.મેજી.ફ.ક.,પારડી. |

**–:: ઠ રા વ :–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તારીખ – ૩૦/૦૫/૨૦૧૭ કલાક ૧૬.૦૦ વાગ્યે મૌજે પારડી ઓવરબ્રીજ નીચે સર્વીસ રોડ પારડી કોર્ટ સામે ને.હા.નં–૮ તા.જી.વલસાડ ખાતે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબ્જાની સફેદ કલરની મારુતી કંપનીની ફ્ન્ટીં કાર જેનો રજી.નંબર GJ–05–CA–5700 કિ.રૂ.૫૦,૦૦૦/– માં વગર પાસપરમીટે પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો નંગ–૧૪૪ કિ.રૂ. ૬૬,૦૦૦/– તથા એક મોબાઇલ ફોન કિં.રૂ.૧૦૦૦/– તથા રોકડા રૂ.૧૧૦૦૦/–મળી કુલ કિં.રૂ.૧,૨૮,૦૦૦/– નો મુદ્દામાલ વહન કરી લઈ આવતા પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, બનાવની વિગતે આ કામના ફરીયાદીએ પા.પો.સ્ટે.III.માં ગુ.ર.નં.૩૫૮/૨૦૧૭ થી પ્રોહીબીશન એકટની કલમ:૬૫ ઈ,૮૧, ૯૮,૯૯ મુજબનો ગુનો નોંધવામાં આવેલો અને આ ગુનાની પોલીસ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અધિક જ્યુ.મેજી. ફ.ક. સાહેબનીત્રે અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) સદરહું કામે આરોપી જામીન ઉપર મુક્ત થયેલ હોયલ તેઓને સમન્સ કરતાં ઠરાવ તારીખે આરોપી નં.૧,૨ કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પો.કો.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ છે. આ કામના આરોપીઓ સામેનો ગુન્હો જુના નશાબંધીના કાયદા મુજબ સમન્સ ટ્રાયેબલ હોઇ પરંતુ મારા પુરોગામી ન્યાયાધિશશ્રી દ્વારા નવા

સુધારેલા નશાબંધીના કાયદા મુજબ વોરંટ ટ્રાયેબલ તરીકે ચલાવી આંક–૦૪ થી તહોમતનામુ ઘડવામાં આવતા તેમજ આંક–૦૫ તથા આંક–૦૬ થી આરોપી નં.૧,૨ ની પ્લી/નિવેદન લેતા સદરહું આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) હાલના કામે તપાસ સંસ્થા દ્રારા કુલ– ૦૩ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપી નં.૩અત્રેની કોર્ટમાં હાજર નહિ રહેતાં આંક–૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૫) ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| **૧.** | આંક–૨૩ થી પંચ અનીલભાઈ પ્રવિણભાઈ રાઠોડની જુબાની |
| **૨.** | આંક–૨૭ થી ત.ક.અ.રાજેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકીની જુબાની |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અ.નં.** | **વિગત** |
|---|---|
| **૧.** | આંક–૨૪ થી મુદામાલ રીકવરી પંચનામાની નકલ |
| **૨.** | આંક–૨૮ થી ફરીયાદની નકલ |

(૫) ઉપરોકત પુરાવા બાદ આ કામે તપાસેલા સ્વતંત્ર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય જેથી બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ (ક્રાઈમ્સ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫</u>** ના ચુકાદામાં નામદર કોર્ટે ઠરાવેલ છે કે, જયારે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો

ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો ન હોય તો તેવા સંજોગોમાં કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીઓના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપીઓ પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી.

(૭) ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**૧.** તારીખ – ૩૦/૦૫/૨૦૧૭ કલાક ૧૬.૦૦ વાગ્યે મૌજે પારડી ઓવરબ્રીજ નીચે સર્વીસ રોડ પારડી કોર્ટ સામે ને.હા.નં–૮ તા.જી.વલસાડ ખાતે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબ્જાની સફેદ કલરની મારુતી કંપનીની ફ્રન્ટી કાર જેનો રજી.નંબર GJ–05–CA–5700 કિ.રૂ.૫૦,૦૦૦/– માં વગર પાસપરમીટે પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો નંગ–૧૪૪ કિ.રૂ. ૬૬,૦૦૦/– તથા એક મોબાઇલ ફોન કિં.રૂ.૧૦૦૦/– તથા રોકડા રૂ.૧૧૦૦૦/–મળી કુલ કિં.રૂ.૧,૨૮,૦૦૦/– નો મુદ્દામાલ વહન કરી લઈ આવતા પકડાઇ જઈ ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૮) મારા જવાબ નીચે મુજબ છે. :–

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–:<u>કારણો</u>:–**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંન કરવામાં આવેલ છે.

(૧૦) સદર કામે અનુક્રમે આંક–૨૩ થી પંચ અનીલભાઈ પ્રવિણભાઈ રાઠોડ ને તપાસેલ છે. સદર પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમ્યાન આંક–૨૪ થી મુદામાલ રીકવરી પંચનામું રજુ રાખે છે. પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પં ચસાહેદ સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક–૨૪ થી મુદામાલ રીકવરી પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૧) ફરિયાદપક્ષ તરફથી આંક–૨૭ થી ત.ક.અ.રાજેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકીનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓએ પોતાની જુબાનીમાં સમર્થનકારી હકીકત જણાવેલ છે. ત.ક.અ.નો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓએ જુબાનીમાં જણાવેલ છે કે,'' તા. ૩૦/૦૫/૨૦૧૭ ના રોજ અમો પી.એસ.આઈ. તરીકે પારડી પો.સ્ટે.માં ફરજ પર હતા તે દરમ્યાન પારડી પોસ્ટ થર્ડ ગુ.ર.નં– ૩૫૮ / ૨૦૧૭ થી પ્રોહી એક્ટની કલમ– ૬૫ઈ, ૯૮, ૯૯, ૮૧ મુજબ ગુનો દાખલ થતા આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતા, ફરીયાદી અ.હે.કો. પુરેન્દ્રભાઈ રમણલાલનાઓ તા.૩૦/૦૫/૨૦૧૭ ના રોજ સ્ટેટ મોનીટરીંગસેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓની સુચના મુજબ નશાબંધી અમલીકરણમાં સરકારી વાહન નં GJ–16–G–5981 માં વલસાડ જીલ્લામાં

પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા પારડી પો.સ્ટે. વિસ્તારમાં આવતા અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ છે કે વાપી તરફથી એક ફન્ટી કાર નંબર GJ–05–CA–5700 માં તેનો ચાલક તથા બીજો એક ઇસમ પરપ્રાંતિય બનાવટનો દારૂનો જથ્થો ભરી સુરત તરફ જનાર છે. જે બાતમી હકીકત આધારે તમો પોલીસે સદર કારની વોચમાં પારડી ઓવરબ્રીજથી આશરે ૧૦૦ મીટર દૂર દક્ષિણ છેડે મુંબઈ અમદાવાદ રોડ ને.હા.નં.–૮ તા.જી.વલસાડ ખાતે હતા. દરમ્યાન વલસાડ તરફથી બાતમી હકીકતવાળો કાર આવતા તેના ચાલકને તમો પોલીસે સરકારી લાકડીથી કાર ઉભી રાખવા ઈશારો કરતા ચાલકે કાર ઉભી રાખેલ નહીં જેથી સદર કારનો સરકારી તથા ખાનગી વાહનથી પીછો કરતા કાર ચાલકે કાર ઓવરબ્રીજ નીચે હકારેલ જેથી પારડી ઓવરબ્રીજ નીચે સર્વીસ રોડ પારડી કોર્ટ સામે તા.જી.વલસાડ ખાતે ઓવરટેક કરી ઉભો રખાવતા કારનો ચાલક નાશવા લાગેલ જેને પકડવા પીછો કરવા છતા તે પકડાયેલ કે ઓળખાયેલ નહીં અને કારમાં ચાલકની બાજુમાં બેસેલ ઇસમ પકડાય ગયેલ. સદર કારમાં પાછળની સીટના ભાગે તથા કારની ડીકીમાં પ્રોહી જથ્થો મળી આવેલ જેથી નજીકથી બે પંચોના માણસો બોલાવી પકડાયેલ ઈસમનું પંચો રૂબરૂ નામઠામ પુછતા ચાલકે પોતાનુ નામ મોઈન અબ્દુલ મજીદ મુલ્લા ઉ.વ.– ૨૮ રહે. સગરામપુરા મોમનાવાડ ખાજાદાના દરગાહ પાસે સુરત શહેરનો હોવાનું જણાવે છે. તેને પોતાની કારમાં ભરેલ પ્રોહી જથ્થો ભરી વાહતુક કરવા સારૂ પાસ પરમીટની માંગણી કરતા તેણે પોતાની પાસે નહી હોવાનું જણાવે છે. સદર જગ્યા જાહેર રોડ હોય કાર્યવાહી કરવી યોગ્ય ન હોઈ જેથી પ્રોહી જથ્થો ભરેલ કાર તથા પકડાયેલ ઇસમને પંચો રૂબરૂ યોગ્ય પોલીસ જાપતા હેઠળ વલસાડ અબ્રામાં જુની ખોડીયાર હોટલના કમ્પાઉન્ડમાં તા.જી વલસાડ ખાતે લાવી ઉપરોકત પકડાયેલ ઇસમને સાથે રાખી આ તમામ વિદેશી દારૂનો જથ્થો નીચે ઉતારી પંચો રૂબરૂ ગણી જોતા જે તે કંપનીના સીલબંધ બુચ તથા લેબલવાળો કુલ બાટલી નંગ–૧૪૪ કિ રૂ. ૬૬,૦૦૦/– નો જથ્થો તપાસ અર્થે કબજે કરેલ. ઉપરોકત પકડાયેલ પ્રોહી જથ્થામાંથી નમુના માટે એક–એક બોટલ અલગ કાઢી પંચોની સહીવાળી આપના રૂબરૂની કાગળની કાપલીઓ બોટલના મોઢે દોરા વડે બાંધી ના.પો.અધિટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરનુ લાખ વડે સીલ કરી સીલબંધ બોટલ તથા મળી આવેલ ઉપરોકત પ્રોહી જથ્થો તપાસ અર્થે કબજે કરેલ છે. ત્યારબાદ ઉપરોક્ત પકડાયેલ પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વહન કરવા વાપરવામાં આવેલ કાર જોતા સફેદ કલરની મારુતી કંપનીની ફી કાર જેની આગળ પાછળ નંબર પ્લેટો ઉપર નંબર GJ–05–CA–5700 નો રજી.નંબર લખેલ જેની અંદાજીત કિં.રૂ. ૫૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. પકડાયેલ ઇસમની અંગઝડતી કરતા ઈન્ટેક્ષ કંપનીનો મો.ફોન મળી આવેલ જેની કિ.રૂ.૧૦૦૦/– ગણી તથા ભારતીય ચલણી જુદાજુદા દરની નોટો મળી રોકડા રૂ.૧૧,૦૦૦/–

જે મો.ફોન તથા રોકડા નાણા તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ પકડાયેલ ઈસમને પોતાના કબ્જાની કારમાં ભરેલ પ્રોહી જથ્થો ક્યાંથી અને કોની પાસેથી મેળવેલો તથી ક્યાં આગળ લઈ જવાનો હતો તેમજ સદર કારમાંથી નાશી જનાર ઈસમનુ નામ ઠામ પુછતા તેણે જણાવેલ કે પકડાયેલ પ્રોહી જથ્થો મારી સાથેનો નાશી જનાર મિત્ર અસ્પાક રહે. સગરામપુરા તલાવડી સુરત શહેર જેના પુરા નામની ખબર નથી જેને દીઠે સારી રીતે ઓળખતો હોવાનું જણાવેલ અને તેનો મોબાઈલ નંબર ૯૫૧૦૦૫૨૦૨૦નો છે. આ અસ્પાક સુરત શહેર ખાતે પોતે જ વેચાણ કરતો હોવાનું જણાવેલ અને મને તેની સાથે દમણ આવવાના રૂ.૫૦૦/– મજુરી પેટે આપનાર હોવાનું જણાવેલ જેથી આ અસ્પાક નામના ઈસમને વોન્ટેડ જાહેર કરેલ. જેથી પકડાયેલ ઈસમે પોતાના કબ્જાની સફેદ કલરની મારૂતી કંપનીની ફી કાર જેનો રજી.નંબર GJ–05–CA–5700 કિં.રૂ.૫૦,૦૦૦/– માં વગર પાસપરમીટે પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો નંગ–૧૪૪ કિ.રૂ. ૬૬,૦૦૦/– તથા એક મોબાઈલ ફોન કિ.રૂ.૧૦૦૦/– તથા રોકડા ૨.૧૧,૦૦૦/– મળી કુલ કિ.રૂ.૧,૨૮,૦૦૦/– નો મુદ્દામાલ વહન કરી લઈ આવતા પકડાઈ જતા તેને અટક કરેલ અને આ પ્રોહી જથ્થો ભરેલ કારનો નાશી જનાર ચાલક અસ્પાક ને વોન્ટેડ જાહેર કરી તેઓ તમામ વિરુધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫ઈ, ૮૧,૯૮,૯૯ મુજબ ધોરણસર થવા અ હ.કો પુરેન્દ્ર રમણલાલનાઓએ પી.આઈ.એલ. બી. ડાભી સ્ટેટ મોનીટરીંગ સેલ નાઓ રૂબરૂ ફરીયાદ આપેલ. મને ફરીયાદ ઝેરોક્ષ બતાવવામાં આવે છે તેમા પુરેન્દ્રસિંહની સહી છે જે અમારા સાથી કર્મચારી હોય તેમની સહી ઓળખું છુ. આ ફરીયાદ મને તપાસના કામે મળેલ તે જ છે. ફરીયાદ રજુ દાખલ આંક–૨૮ આપવામાં આવે છે. તપાસના કામે પંચોના લખાવ્યા મુજબનુ પ્રોહી જથ્થો કબજે કર્યા અંગેનુ પંચનામુ પી આઈ એલ. બી. ડાભી સ્ટેટે મોનીટરીંગ સેલ નાઓ રૂબરૂ કરવામાં આવેલ. અમોએ આરોપીને અટક કરી ના કોર્ટમાં રજુ કરેલ. તેમજ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખી શકુ છુ.''

**(૧૧.૧)** જયારે આરોપી તર્ફે ઉલટતપાસમાં તેઓ એ હકીકત કબુલ રાખે છે કે,'' એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે હાલના કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ સાહેદોના નીવેદન મેળવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામુ પોલીસ સ્ટેશનમાં તૈયાર કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામ ઠામ

જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે પ્રોહી સુદામાલ અંગે એફ.એસ.એલ. રીપોર્ટ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

**(૧૨)** આ સિવાય ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. બનાવ સમયે હાલના આરોપીઓના વાઈન શોપમાંથી પ્રોહી મુદામાલ ભરાવ્યો હોઈ એવુ બનેલુ નથી સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. તપાસ સોંપતાં ફરીયાદીએ તપાસ સંભાળી તપાસના અંતે આરોપી સામે પુરાવો આવતાં કોર્ટમાં ચાર્જશીટ કરેલાનો સોગંદ ઉપર પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. સદર કામે તપાસેલા સાહેદ પોલીસ સાહેદ છે તેઓને ઈન્ડીપેન્ડેન્ટ વિટનેસ ગણી શકાય નહી જેથી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

**(૧૨.૧)**પરંતુ, આંક–૨૩ થી પંચ અનીલભાઈ પ્રવિણભાઈ રાઠોડનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લ ેવામાં આવે તો,પંચ સાહેદનાએ બનાવવાળી હકીકતને કે તેઓ પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલાને કે પંચસાહેદની હાજરીમાં પ્રોહી. મુદ્દામાલ કબજે કરવામાં આવેલાની હકીકતને કે તે અંગેનું આંક–૨૪ થી મુદામાલ રીકવરી પંચનામું પંચસાહેદની રુબરુમાં કરવામાં આવેલાની હકીકતને લ ેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ પક્ષે પંચસાહેદને ફરી ગયેલા જાહેર થયેલા છે. આમ, રજુ થયેલ આંક–૨૩ થી પંચ અનીલભાઈ પ્રવિણભાઈ રાઠોડનો સોગંદ ઉપર પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતું નથી અને પંચનામાની વિગત પુરવાર થતી નથી તેથી ફરીયાદ પક્ષે પંચ સાહેદનો પુરાવો સમર્થન વિનાનો જણાય છે.

**(૧૨.૨)** ઉપરાંત, પોલીસ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન લીધેલ નથી. જે રીતે ફરીયાદ પક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીઓ નો કોઈ પણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી ગુજરાત પ્રોહી એકટની કલમ–૧૦૩ પ્રમાણે સાબીતીનો બોજો આરોપીઓ ઉપર જાય, પરંતુ હાલના કેસમાં પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી. આ કામે આરોપીઓ પાસેથી

મુદામાલ મળી આવેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ પાસેથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે મુદામાલ વિદેશી દારૂ કબજે કરવામાં આવેલાનું પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૨.૩) **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલ** નો ચુકાદો જો જોવામાં આવે તો પંચો સમર્થન કરતાં નથી ત્યારે ફરીયાદ પક્ષનો પુરાવો ઉપર આધાર રાખી શકાય નહીં, તેવુ નામદાર હાઈકોર્ટે. ઠરાવેલ છે.તેમજ ફરીયાદ પક્ષની એ ફરજ છે કે, કબ્જે કરવામાં આવેલ મુદામાલ ઈંગ્લીશ દારૂ છે. તે પુરવાર કરે. તેમજ કબ્જે કરવામાં આવેલ મુદામાલ દારૂ છે તે પુરવાર કરવા માટે મેન્યુફેકચર કંપનીનું અસલ સીલ પુરવાર કરવુ પડે તો જ પ્રોહીબીશનની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન દોરી શકાય. તે સીવાય આવુ અનુમાન દોરી શકાય નહીં. જયાં સુધી ફરીયાદ પક્ષ સદર હકીકત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.**સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભામા કાળીદાસ પટેલનો ચુકાદો ૧૯૮૫(૨) જી.એલ.આર પાના નં.૭૪૫** ના ચુકાદામાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, અનુમાન દોરતા પહેલાં એ પુરવાર કરવુ પડે કે બોટલ ઉપર સીલ અસલ હતુ અને જાણીતી બ્રાન્ડ કંપનીનું નામ અસલ હતુ.**૧૯૯૧ (૧) જી.એલ.આર પાના નં.૪૩૩** પર પ્રકાશીત થયેલ **ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે જો કબ્જે કરેલ દારૂની બોટલના લેબલ તથા શીલ અંગે કંપનીના અધિકારીને તપાસયા ન હોય તો બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં.**૧૯૯૨ (૨) જી.એલ.એસ (ચુજે ૧૧) ૨૦ ગુલાબભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ છે કે દારૂ બનાવનાર કંપનીના અધિકારીને મુદામાલ બોટલના સીલ તથા લેબલની સત્યતા અંગે તપાસ્યા સીવાય બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહીં.હાલના કેસમાં પણ ફરીયાદી કે તપાસ કરનાર અમલદાર ધ્વારા એવો કોઈ જ પુરાવો આપવામાં આવેલ નથી કે બાટલી ઉપર અસલ સીલ હતુ કે તે સીલ કઈ કંપનીનું હતુ. તેમજ સદર કામે દારૂ બનાવનાર ઉત્પાદક કંપનીના માલીકનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં અનુમાન થઈ શકે નહીં. તેમજ ત.ક.અ એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જે પંચો રૂબરૂ

મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે તે પંચો ફરી ગયેલ જાહેર થયેલ છે અને તેઓ ફરીયાદ કેસને સમર્થન કરતા નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓને પ્રોહીબીટેડ મુદામાલ સાથે અટક કર્યાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજયના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને અન્ય હકીકતથી ફરીયાદ કેસને સમર્થન મળતુ ન હોય તો આરોપીઓ નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**(૧૨.૪)** અગાઉ ચર્ચા કરી તે મુજબ પંચસાહેદના સોગંદ ઉપર પુરાવાથી ફરીયાદીના સોગંદ ઉપર પુરાવાને લેસમાત્ર સમર્થન મળતું નથી, પોલીસ સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને પોલીસ સાહેદ હીત ધરાવનાર હોય જેથી તટસ્થ તપાસનો પણ અભાવ જોવા મળે છે. જેથી માત્ર પોલીસ સાહેદોના નિવેદનના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તેથી આ કામના આરોપીઓ સામે ફરીયાદપક્ષે ખોટો કેસ કરેલો હોવાનું આરોપીઓ પક્ષના વિ.વ.શ્રીઓની દલીલોમાં તથ્ય જણાય છે. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં આ કામના આરોપીઓ પાસેથી ફરીયાદમા જણાવેલ કોઈ મુદ્દામાલ મેળવેલ હોય તેવું સ્પષ્ટ પણે પુરવાર થતું નથી.

**(૧૩)** આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી. હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ–૦૩ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ચાલી જતા અને કેસ ચુકાદાના તબક્કે આવતા આરોપી નં.૦૩ અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા અને આરોપી નં.૧,૨ અત્રેની કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેતાં આંક–૧ તળે હુકમ કરીને આરોપી નં.૦૩ ની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૧૮/૧૬ ને ધ્યાને લઈને, આરોપી નં.૦૩ ની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–// <u>હુકમ</u> //–**

(૧) આરોપીઓ:–(૧) મોહમદ અલ્તાફ ઉર્ફે મોઈન અબ્દુલ મજીદ મુલ્લા(૨) તાહેર હુશેન ઉર્ફે અસ્ફાક અબ્દુલ રજાક શેખ (૩)રાજેશભાઈ ઉર્ફે સુરેશભાઈ મદનલાલ રાવતને ક્રિ .પો.કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮ આરોપીઓ ને પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ:૬૫ ઈ,૮૧, ૯૮,૯૯ અન્વયેના શિક્ષાનેપાત્ર ગુનામાંથી પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ વિદેશી દારૂનો નાશ કરવો, મુદામાલ મારુતી કંપનીની ફ્રન્ટી કાર જેનો રજી.નંબર GJ–05–CA–5700 તથા મોબાઈલ નંગ–૧ તથા ભારતીય ચલણી જુદા જુદા દરની નોટો અંગે વચગાળાનો હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયો ન હોય તો માલિકીનો પુરાવો લઈ અપીલ સમય વિત્યેથી મુદામાલ વાહન માલિકને પરત કરવી.

( ૩ ) આરોપીઓ એ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં આરોપીઓએ અગાઉ આપેલ જામીન અપીલ પિરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પારડી.

તા. ૧૩/૦૮ /૨૦૨૬

**(પી.એ.શર્મા)**
**અધિક સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી.પારડી**
**જી.જે.૦૧૬૭૦**